મુખ્યમંત્રી શહેરી સડક યોજના હેઠળ
રોડ-રીસર્ફેસીંગ માટેના કામોનું
આયોજન

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાક-બીજેટી-૧૧૨૦૧૬-એસએફ-૯૫-ધ
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિમાર્ણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
*તા.03/૧૨/૨૦૧૬*

__વંચાણે લીધા:__

(૧) આ વિભાગના ઠરાવ ક્રમાંકઃ સજય-112013- 227(2) -ધ તા.૨.૫.૨૦૧૬

(૨) માન. મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને રોડ રીસર્ફેસીંગની કામગીરી માટે મળેલ સમીક્ષા બેઠકની તા.૨.૧૨.૨૦૧૬ની કાર્યવાહી નોંધ.

__પરિપત્ર-__

રાજ્યની ૮ મહાનગરપાલિકાઓ તથા ૧૬૨ નગરપાલિકાઓનો મુખ્યમંત્રી શહેરી સડક યોજના હેઠળ રોડ રીસરફેસીંગની કામગીરી બાબતે વંચાણે લીધા ક્રમાંક (૧)ના આ વિભાગના તા.૨.૫.૨૦૧૬ના ઠરાવ થી નિયત કરવામાં આવેલ છે. આ કામગીરીને વધુ અસરકારક અને ઝડપી બનાવવા માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને એક બેઠકનું આયોજન કરવામાં આવેલ હતું. જે અંગેની કાર્યવાહી નોંધ વંચાણે લીધા ક્રમાંક (૨)માં દર્શાવેલ તા.૨/૧૨/૨૦૧૬ અન્વયે મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારોમાં રોડ રીસફેસીંગની કામગીરી બાબતે નીચે મુજબ કાર્યવાહી કરવાનું નિયત કરવામાં આવે છે.

(૧) નગરપાલિકાઓમાં ભૂગર્ભ યોજનાઓ, રોડ રીસરફેસીંગ, ઘર જોડાણો, પેન્ડીંગ ચુકવણુ તથા વધારાની ઉભી થયેલ જવાબદારીઓ અંગે જરૂરી નાણાંકીય સંબંધિત દરખાસ્તો શહેરી વિકાસ વિભાગને કરવાની રહેશે અને વિભાગ આ બાબતે નાણાં વિભાગની મંજૂરી મેળવશે.

(૨) જે તે નગરપાલિકામાં ભૂગર્ભ ગટરની કામગીરી પૂર્ણ થયા બાદ રોડ રીસરફેસીંગની કામગીરી "અ" અને "બ" વર્ગની નગરપાલિકાઓ માટે માર્ગ અને મકાન વિભાગ અને "ક" અને "ડ" વર્ગની નગરપાલિકાઓની કામગીરી GUDC એ કરવાની રહેશે. નગરપાલિકા ધ્વારા રોડ રીસફેસીંગના કામો માટે વર્ક ઓર્ડર આપેલ હોય તે કામો નગરપાલિકાએ પૂર્ણ કરવાના રહેશે.

8 DEC 2016

(૩) જે નગરપાલિકાના રોડને વધારે નુકસાન થયેલ હોય અને પૂરેપૂરી પહોળાઇનો રોડ રીસરફેસ કરવાની જરૂરિયાત જણાય તો તે પ્રમાણે રોડ રીસફેસીંગની કામગીરી કરવી.

(૪) આ કામગીરી રોડ રીસર્ફેસીંગની હોવાથી નિયત ખર્ચની મર્યાદામાં રહીને કામગીરી કરવી.

(૫) જે તે નગરપાલિકામાં રોડ રીસર્ફેસીંગના કામો હાથ ધરતા પહેલા ગટર યોજનાની કામગીરી સંપૂર્ણપણે પૂર્ણ કરી ટેસ્ટીંગ કરાવી ત્યારબાદ જ GUDC અને GWSSB દ્વારા NOC આપવાની રહેશે.

(૬) રોડ રીસર્ફેસીંગના કામો ચાલુ કરતા પહેલા ઘર જોડાણના કામો પૂરા કરવાના રહેશે. જેથી રીસર્ફેસ કરેલા રોડને ફરીથી નુકસાન ન થાય.

(૭) GUDC અને GWSSB ને પેન્ડીંગ બિલોના ચુકવણા તથા ચાલુ કામો પૂર્ણ કરવા માટે જરૂરી ગ્રાન્ટ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

(૮) GUDC અને GWSSB એ ચાલુ કામો ત્વરીત પૂર્ણ થાય તે પ્રમાણે કામગીરી કરવી.

(૯) નગરપાલિકાઓ પાસે ઉપલબ્ધ વણ વપરાયેલી ગ્રાન્ટ પરત લઇ માર્ગ અને મકાન વિભાગ, GUDC અને GWSSB ને કામગીરી કરવા માટે આપી શકશે.

ઉપરોકત તમામ કામગીરી માર્ગ અને મકાન વિભાગ તથા ગુજરાત શહેરી વિકાસ કંપની ધ્વારા શકય એટલી ઝડપથી હાથ ઉપર લેવા આયોજન કરવા આથી જણાવવામાં આવે છે.

ઉપર મુજબની સૂચનાનો અમલ અવશ્ય કરવા આથી સર્વેને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના નામે અને તેમના હુકમથી.

(આનંદ ઝીંઝાલ)
સંયુકત સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રી અને રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- માન.રા.ક.મંત્રીશ્રી (શહેરી વિકાસ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (શ.વિ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (પાણી પુરવઠા) અને ચેરમેનશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (હાઉસીંગ), શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ
- અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત શહેરી વિકાસ મિશન, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત શહેરી વિકાસ કંપની લી. ગાંધીનગર
- સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ ગાંધીનગર.
- નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગાંધીનગર (સર્વે નગરપાલિકાઓને જરૂરી સૂચના આપવા વિનંતી)
- સર્વે કલેકટરશ્રીઓ,
- ચીફ એન્જિનીયરશ્રી, ગુજરાત પાણી પુરવઠા વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
- જનરલ મેનેજરશ્રી (ટેકનીકલ) જીયુડીએમ, ગાંધીનગર.
- સર્વે નગરપાલિકાના ચીફ ઓફિસરશ્રીઓ
- સીલેકટ ફાઇલ